श्री कृष्णचन्द्रो जयति

श्री महेसाणा यजुर्वेदीय पाठशाळा तरफथी

यजुर्वेदीय बालकोपयोगी

त्रिकालसन्ध्या.

सम्पादक अने प्रकाशक,

हीरालाल दुर्गाशंकर पंड्या. महेसाणा.

ब्राह्मणषट् कर्माणि

स्नानं सन्ध्या जपो होमः स्वाध्यायो देवतार्चनम् ।
वैश्वदेवातिथेयश्च षट् कर्माणि दिने दिने ॥

श्रीपराशरवचनम्

ભાવાર્થ- સ્નાન, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય (વેદશાસ્ત્રાદિનો નિયમ પ્રમાણે અભ્યાસ કરવો તે) શિવ વિષ્ણુ ઇત્યાદિ-દેવોની પુજા તથા વૈશ્વદેવ અને અતિથિનો સત્કાર એ છ કર્મો દરેક બ્રાહ્મણે નિરંતર કરવાં જોઇએ એ પ્રમાણે પરાશરાદિ મુનિયોનો મત છે.

આવૃત્તિ ૧ લી   પ્રત ૫૦૦   સંવત ૧૯૭૫

अमुल्यं पुस्तकमिदम्.

सन्ध्याफलम्

[illegible] ये तु सततं शंसितव्रताः
विधूत पापास्ते यान्ति ब्रह्मलोकं सनातनम् ॥ १ ॥

। याज्ञवल्कय ।

ભાવાર્થ—જે બ્રાહ્મણો નિત્ય નિયમ પ્રમાણે સન્ધ્યા કરે છે તે બ્રાહ્મણો પાપરહિત થઈને સનાતન બ્રહ્મ લોકને પામે છે..

सन्ध्याऽभावे दोषः

(સન્ધ્યાન કરનારને દોષ)

सन्ध्या येन न विज्ञाता सन्ध्यायेना नुपासिता
जीवमानो भवेच्छुद्रो मृतः श्वाचाभिजायते ॥ । मरिचि ।

ભાવાર્થ—જે બ્રાહ્મણ સન્ધ્યા જાણે નહીં તેમજ જે બ્રાહ્મણ ત્રિકાળ અથવા એક વખત પણ સન્ધ્યા કરે નહીં તે બ્રાહ્મણ જીવતાં શુદ્ર જેવો છે અને મરી ગયા પછી કુતરો થાય છે.

सन्ध्याहीनोऽशुचिर्नित्यमनर्हः सर्वकर्मसु
यदन्यत्कुरुते कर्म न तस्य फलभाग्भवेत् । दक्षवचनम् ।

ભાવાર્થ—સન્ધ્યાન કરનાર બ્રાહ્મણ સદા અપવિત્ર છે અને તે બ્રાહ્મણ તમામ ધાર્મિક કાર્યમાં અયોગ્ય છે તથા તે બ્રાહ્મણ સન્ધ્યા શિવાયનાં જે જે કર્મો કરે છે તેનું તેને ફળ મળતું નથી માટે દરેક બ્રાહ્મણે સન્ધ્યા કરવીજ જોઈએ.

લિ. હીરાલાલ દુર્ગાશંકર પંડ્યા.

મેહેસાણા–સોનીવાડો.

श्री हरिः

त्रिकालसन्ध्या

પ્રાતઃકાળમાં પથારીમાંથી ઉઠી ભગવત્ સ્મરણ કર્યા બાદ, શૌચ તથા દાતણુ કર્યા પછી, વિધિપૂર્વક સ્નાન કરીને, ધોએલું ધોતીઉં પહેરીને. તથા ઉપવસ્ત્ર પાસે રાખીને, આસન ઉપર પૂર્વ અથવા ઉત્તર તરફ મુખ રાખીને, બેસવું પછી હાથમાં ભસ્મ લઇ તેમાં જળ રેડી હાથમાં રાખીને, નીચેનો મંત્ર બોલવો.

ॐ अग्निरितिभस्म वायुरितिभस्म जलमितिभस्म स्थलमिति भस्म व्योमेतिभस्म सर्व ँ्‌ हवा इदं भस्म । मन एतानि चक्षूंषिभस्मानिति.

ત્યાર પછી ભસ્મને જળ સાથે એકત્ર કરતી વખત નીચેનો મંત્ર બોલવો.

ॐ त्र्यम्बकं यजामहे । सुगन्धिम्पुष्टिवर्द्धनम् उर्व्वारुकमिवबन्धना न्मृत्यो । र्म्मुक्षीय मामृतात्

એ પ્રમાણે ભસ્મ એકત્ર કર્યા પછી નીચેનો મંત્ર બોલીને ભસ્મનાં ત્રિપુંડ્ કપાળમાં, કંઠ ઉપર, તેમજ બંન્ને હાથ ઉપર તથા હૃદય ઉપર અનુક્રમે કરવાં.

ॐ त्र्यायुषंज्जमदग्नेः कश्यपस्य त्र्यायुषम् यद्देवेषु त्र्यायुषन्तन्नोऽअस्तुत्र्यायुषम्

પછી ॐ केशवाय नमः स्वाहा ॐ नारायणाय नमः स्वाहा ॐ माधवाय नमः स्वाहा એ પ્રમાણે બોલી ત્રણ આચમન કરવાં પછી હથેળી ધોઇ નાંખવી.

ॐ मानस्तोके तनये मा नऽआयुषिमानोगोषु मानोऽअश्वेषुरीरिषः । मानोव्वीरान्त्रुद्र भामिनो व्वधीर्हविष्मन्तः सदमित्त्वाहवामहे

ઉપરનો મંત્ર બોલીને શિખા બાંધવી.

ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यम् ॐ तत्सवितुर्वरे० ॐ आपो ज्योतिरसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम्

ઉપરનો મંત્ર પુરો બોલતા સુધી ડાબું નસકોરૂં દાબીને જમણી તરફથી શ્વાસ લેવો પછી બે નસકોરાં બંધ કરીને ફરીને એકવાર મંત્ર પુરો બોલતા સુધી શ્વાસ રોકવો પછી જમણું નસકોરૂં બંધ કરી મંત્ર પુરો બોલતા સુધીમાં

ધીરે ધીરે શ્વાસ બહાર કાઢવો એટલે એક પ્રાણાયામ થયો એવા ત્રણ પ્રાણાયામ કરવા.

अपवित्रः पवित्रोवा सर्वावस्थां गतोऽपिवाय:स्मरेत्पुंडरिकाक्षं स बाह्याभ्यंतरः शुचिः ॥

ઉપરનો મંત્ર બોલતી વખતે ડાબા હાથમાં પાણી લઈ જમણા હાથવડે માથા ઉપર તથા હૃદયમાં છાંટવું જમણા હાથમાં પાણી લઇ નીચે પ્રમાણે સંકલ્પ કરવો.

अत्राद्य मांगल्यमदे अमुक गासे अमुक पक्षे अमुक तिथौ अमुक वासरे ममोपात्त दुरितक्षयद्वारा ब्रह्मावाप्तये प्रातःसन्ध्योपासनमहंकरिष्ये

करन्यासः

ॐ अङ्गुष्ठाग्रे गोविंदायनमः ॐ तर्जन्यां महिधराय नमः ॐ मध्यमायां हृषिकेशाय नमः ॐ अनामिकायां त्रिविक्रमाय नमः कनिष्ठिकायां विष्णवे नमः करमध्ये माधवाय नमः करपृष्ठे हरये नमः मणिबन्धे जनार्दनाय नमः

प्रण[illegible]न्यासः

ॐ अकारं नाभौ ॐ उकारं हृदये ॐ मकारं मुर्ध्नि

ત્યારપછી બે હાથ જોડીને ગાયત્રિનુ ધ્યાન નીચેના મંત્રથી કરવું.

गायत्र्यावाहनम्

गायत्रीं त्र्यक्षरां बालां साक्षसूत्रकमंडलुम् । रक्तवस्त्रां चतुर्हस्तां हंसवाहनसंस्थिताम् ॥ ऋग्वेदस्य कृतोत्संगां सर्वदेवनमस्कृतां ब्रह्माणि ब्रह्मदैवत्यां ब्रह्मलोकनिवासिनीम् आवाहयाम्यहं देवीमायान्तीं सुर्यमंडलात् आगच्छ वरदे देवित्र्यक्षरे ब्रह्मवादिनि गायत्रि छंदसांमात ब्रह्मयोनि नमोऽस्तुते

ત્રણ અક્ષર યુક્ત નામવાળાં રૂદ્રાક્ષમાળા તથા કમંડળ ધારણ કરનારાં લાલવસ્ત્ર ધારણ કરવાવાળાં ચાર મુખવાળાં અને હંસ ઉપર બીરાજમાન એવાં બ્રહ્માની પુત્રિરૂપ અને બ્રહ્મના દૈવતરૂપ તથા બ્રહ્મલોકમાં નિવાસ કરનારાં સુર્યમંડળથી પૃથ્વી ઉપર પધારતાં એવાં ગાયત્રીનું આવાહન કરૂં છું. તથા બ્રહ્માથી ઉત્પન્ન થએલાં અને છંદોની માતારૂપ હે ગાયત્રી દેવિ તમે આ વખતે અત્ર પધારો.

ત્યાર પછી હાથમાં જળ લઇ નીચે પ્રમાણે મંત્ર ભણુવો મંત્ર પુરો થયા પછી તે જળ પી જવું પછી બે આચમન કરવાં.

ॐ सूर्यश्चमामन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो

रक्षन्तां यद्राऽया पापमकार्षं मनसावाचाहस्ताभ्यां पद्भ्या मुदरेण शिश्नारात्रि स्तदवलुम्पतु यत्किञ्चित् दुरितं मयि इदमहं मामृतयोनौ सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा ततोद्विराचमनम् ॥

ડાબા હાથમાં જળ લઇ જમણા હાથવડે નિચેનો મંત્ર પુરો થતા સુધી તેમા કહેલી જગ્યાએ છાંટવું ઉપર મંત્રમાં કહેવા પ્રમાણે છાંટવું.

ॐ आपो हि ष्ठा मयो भुव ÷ (इति मस्तके)

ॐ तानऽऊर्ज्जे दधातन (इति भूमौ)

ॐ महेरणाय चक्षसे (इति हृदये)

ॐ यो वः शिवतमो रस ÷ (इति हृदये)

ॐ तस्य भाजयते हन ÷ (इति भूमौ)

ॐ उशती रिव मातर ÷ (इति मस्तके)

ॐ तस्माऽअरङ्गमामव ÷ (इति मस्तके)

ॐ यस्यक्षयाय जिन्वथ (इति हृदये)

ॐ आपो जन यथा चनऽ· (इति भूमौ)

ત્યારપછી જમણા હાથમાં જળ લઇ નીચે પ્રમાણે એક એક મંત્રને અંતે જમણા હાથમાં લીધેલા જળ આગળ નાકની જમણી બાજુનું છિદ્ર ધરીને એક શ્વાસ લેવો પછી ડાબી બાજુના છિદ્રથી તે શ્વાસ પાછો તેજ જળમાં કાઢવો પછી જળ તરફ દ્રષ્ટિ કર્યા શિવાય ડાબી બાજુ ફેંકી દેવું.

ॐ सुमित्रियानऽ आपऽ ओषधयऽ सन्तु दुर्म्मित्रियास्तस्मै सन्तुयो स्म्मान् द्वेष्टि यञ्चव्वन्द्विष्म्मऽ॥ ॐ द्रुपदादिवमुमुचानऽ स्विन्नऽ स्नातोमलादिव। पूतम्पवित्रेणे वाज्ज्यमाप ॰ शुन्धन्तु मैनसऽ ॐ ऋतंच सत्यं चाभीद्धात्तपसो ध्यजायत। ततोरात्र्यजायत ततः समुद्रोऽअर्णवः। समुद्रार्णवादधि संवत्सरोऽअजायत। अहोरात्राणि विदधद्विश्वस्य मिषतोवशी। सूर्याचन्द्रमसौधातायथा पूर्वमकल्पयत्। दिवंच पृथिवींचान्तरिक्षमथोस्वः॥

अर्घ्यप्रदानम्

તાંબાના અર્ધીયામાં જળ લેવું તેમાં ગંધાક્ષત નાંખી પૂર્વ દિશા તરફ મુખ રાખી ઉભા રહીને નીચે પ્રમાણે મંત્ર બોલવો.

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धीयोयोनः प्रचोदयात् ॐ ब्रह्म स्वरुपिणे सूर्यनारायणाय इदमर्घ्यं दत्तं न मम

આ પ્રમાણે ત્રણ અર્ધ્ય આપવા કદાચ સુર્યોદય થઈ ગયો હોય તો પ્રાયશ્ચિત બદલ એક અર્ધ્ય નિચે પ્રમાણે મંત્ર બોલીને આપવો.

ॐ आकृष्णेन रजसा वर्त्तमानो निवेशयन्नमृतम्मर्त्यञ्च हिर-

ण्ययेन सवितारथेना देवो याति भुवनानिपश्यन् ॐ ब्रह्मस्वरूपिणे सूर्यनारायणायइदमर्घ्यंदत्तंनमम ॥

ત્યાર પછી નિચે પ્રમાણે ત્રણ આચમન કરવાં પછી હથેળી ધોઈ નાંખવી.

ॐ केशवाय नमः ॐ नारायणाय नमः ॐ माधवाय नमः

ત્યાર પછી આગળ બતાવ્યા પ્રમાણે પ્રાણાયામ કરવો.

सूर्योपस्थानम्

સૂર્ય આગળ હાથ ઉંચા રાખીને, અથવા ઉભા થઇને નીચેના મંત્રો ભણવા.

ॐ उद्वयन्तमसस्प्परिस्वः२ पश्यन्तऽउत्तरम् । देवन्देवत्रा सूर्य्यमगन्म्मज्ज्योति रुत्तमम् ॥ उदुत्त्यञ्जातवेदसन्देवं व्वहन्ति केतवः दृशेव्विश्वाय सूर्य्यम् ॥ चित्रन्देवानामुदगादनीकञ्चक्षुर्म्मित्रस्य व्वरुणस्याग्नेः । आप्प्राद्यावापृथिवीऽअन्तरिक्ष२ सूर्य्यआत्मा जगत स्तस्थुषश्च ॥ तच्चक्षुर्देवहितम्पुरस्ताच्छुक्क्रमुच्चरत् । पश्येम शरदः शतञ्जीवेमशरदः शत२ शृणुयाम शरदः शतम्प्रब्रवामशरदः शतमदीनाऽस्यामशरदः शतम्भूयश्चशरदः शतात्

गायत्र्यावाहनम्

હાથ જોડી નીચેનો મંત્ર બોલવો.

तेजोसिशुक्रमस्य मृतमसि धामनामासि प्रियन्देवानामना धृष्टन्देवयजनमसि

गायत्री जपसंकल्पः

ત્યાર પછી હાથમાં જળ લઇ **मम सकल पापक्षयार्थं यथाशक्तिगायत्रीजपमहं करिष्ये**-એટલું બોલી જળ મુકી દેવું અને કોઇ સાંભળે નહી તેવી રીતે અને શાન્ત મનથી સ્પષ્ટ ઉચ્ચાર પુર્વક ૧૦-૨૮-૧૦૮ અથવા હજાર ગાયત્રી જપ કરવો.

પછી હાથમાં પાણી લઇ **अनेन गायत्री जपाख्येन कर्मणा ब्रह्मस्वरुपी भगवान् जनार्दनः प्रीयताम्** ત્યાર પછી હાથ જોડી ગાયત્રીનું વિસર્જન કરવું તે વખતે નિચેનો મંત્ર બોલવો.

उत्तमे शिखरे जाता भूम्यां पर्वत मुर्धनि ब्राह्मणेभ्योऽभ्यनुज्ञाता गच्छ देवियथासुखम्

गोत्रोच्चारः

अमुक गोत्रोत्पन्नोहं अमुकप्रवरान्वितोहं शुक्ल यजुर्वेदान्तर्गत

अमुक शाखाध्यायी अमुकशर्माहं भोगुरोत्वां अभिवादयामि सूर्याचंद्रमसौ युवामभिवादयामि भोइश्वरत्वां अभिवादयामि

હાથમાં જળ લઇ બોલવું.

अनेन प्रातः संध्याख्येन कर्मणा श्री भगवान् परमेश्वरः प्रीयतां न मम

अथ मध्यान्हसन्ध्या

મધ્યાન્હ સન્ધ્યાનો કેટલોક ક્રમ પ્રાતઃ સન્ધ્યા સમાનજ છે પરંતુ તેમાં સાધારણ ફેરફાર જે છે તે અહીં આપ્યો છે.

સંકલ્પમાં—**रुद्रावाप्तये मध्यान्ह सन्ध्योपासनमहं करिष्ये**

ત્યાર પછી પ્રાતઃસંધ્યામાં કહેવા પ્રમાણે ભસ્મધારણથી પ્રારંભીને પ્રણવ ન્યાસ સુધીનું તમામ કર્મ પ્રાતઃસંધ્યા પ્રમાણે કરવું પછી ગાયત્રીનું આવાહન નીચે લખ્યા પ્રમાણે કરવું.

ॐ सावित्रीं युवतीं शुक्लां शुक्लवस्त्रां त्रिलोचनाम् । त्रिशूलिनीं वृषारूढां यजुर्वेदेन संस्थिताम् रुद्राणीं रुद्रदैवत्यां रुद्रलोक निवासिनीम् सावित्रि छंदसां माता रुद्रयोनिनमोऽस्तुते

યુવાવસ્થામાં ધોળાં વસ્ત્ર ધારણ કરનારાં સાવિત્રી ત્રણ નેત્રવાળાં ત્રિશુલ ધારણ કરી પોઠીઆ ઉપર બેઠેલાં રૂદ્રાણી-

રૂપ અને રૂદ્રના દૈવતરૂપ અને રૂદ્ર લોકમાં રહેનારાં અને મહાદેવથી ઉત્પન્ન થએલાં છંદોની માતારૂપ ગાયત્રી તેમને હું નમસ્કાર કરૂંછું.

अम्बुमाशनम्

ॐ आपः पुनन्तु पृथीवीं पृथिवी पूता पुनातुमाम् पुनन्तु-ब्रह्मणस्पतिर्ब्रह्मपूतापुनातुमाम् यदुच्छिष्टम भोज्यं च यद्वा दुश्चरितंमम सर्वं पुनन्तुमामापोऽसतां च प्रति ग्रहं स्वाहा

ગાયત્રી વિસર્જન પણ પ્રાતઃસંધ્યા પ્રમાણે કરવું.

अनेन मध्यान संध्याख्येन०

सायं संध्या

સંકલ્પમાં सायं सन्ध्योपासन महं करिष्ये—બાકી પૂર્વવત્.

गायत्र्या वाहनम्

ॐ वृद्धां सरस्वतीं कृष्णां पीतवस्त्रां चतुर्भुजाम्। शंख चक्र गदा पद्म हस्तां गरुड वाहिनीम् ॥ बद्र्याश्रममावासामायान्तीं सूर्य मंडलात् ॥ १ ॥

आगच्छ वरदे देवि त्र्यक्षरे विष्णु वादिनि। भारति छंदसां मातर्विष्णुयोनि नमोऽस्तुते ॥ १ ॥

વૃદ્ધ સ્વરૂપવાળાં સરસ્વતીરૂપના નામથી ઓળખાતાં શ્યામ સ્વરૂપવાળાં પીળાં વસ્ત્ર ધારણ કરનારાં ચાર ભુજામાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરીને ગરૂડ ઉપર બેસનારાં બદ્રિકાશ્રમમાં નિવાસ કરનારાં સૂર્યમંડળમાંથી આવતાં. વરદાન દેનારાં. ત્રણ અક્ષરવાળાં. વિષ્ણુનું પ્રતિપાદન કરનારાં અને વિષ્ણુથીં ઉત્પન્ન થએલાં છંદોની માતા હે ભારતિ દેવી તમને નમસ્કાર કરૂં છું.

अंबु प्राशनम्

ॐ अग्निश्चमामन्युश्चमन्युपतयश्चमन्युकृतेभ्यः पापेभ्यो रक्षन्ताम् यदह्ना पापमकार्षम् मनसावाचाहस्ताभ्यां पद्भ्या मुदरेण शिश्ना अहस्तदवलुम्पतु यत्किञ्चदुरितं मयिइदमहं मामभृतयोनौ सत्ये जोतिषि जुहोमिस्वाहा

ગાયત્રીનું વિસર્જન પણ પ્રાતઃસંધ્યા પ્રમાણે કરવું.

છેવટ अनेन सायं संध्याख्येन कर्मणा. भगवान् जनार्दनः प्रीयताम्

ब्राह्मण लक्षणम्

शौचमास्तिक्यमभ्यासो वेदेषुगुरुपूजनम्
प्रियातिथित्वमिज्याच ब्रह्मकायस्य लक्षणम्

ભાવાર્થ—પવિત્રતા આસ્તિકતા (વેદ અને દેવમાં શ્રદ્ધા) વેદાભ્યાસ, ગુરૂનું પુજન, અતિથિમાં પ્રીતિ એટલાં બ્રાહ્મણ દેહનાં લક્ષણ છે.

सन्ध्योपासनशीलश्च सौम्यचित्तो दृढव्रतः
शान्ताः सन्तः सुशीलाश्च सर्वभूतहितेरताः
क्रोधंकर्तुं नजानन्ति एतद् ब्राह्मणलक्षणम्

ભાવાર્થ—સન્ધ્યાની ઉપાસના કરનારા, આનંદી સ્વભાવવાળા. વ્રતમાં દ્રઢતાવાળા. શાન્ત અને સારાં આચરણવાળા પ્રાણિ માત્રના ભલામાં ખુશી થનારા. ક્રોધ કરવાનું જાણે નહીં એ બ્રાહ્મણનાં લક્ષણ છે.

सरस्वती प्रसाधन मन्त्र.

या देवी सर्वभूतेषुविद्यारूपेण संस्थिता
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनमः

તા. ક. ઉપરનાં લખેલાં લક્ષણો સાથે સરસ્વતિ પ્રસાધન મંત્ર જપવામાં આવે તો તેને ઉપરનો મંત્ર અવશ્ય ફળ આપે છે.

લિ. હીરાલાલ દુર્ગાશંકર પંડ્યા, મહેસાણા.

આશ્રયદાતાનો સ્મરણ લેખ.

આ પુસ્તક છપાવવામાં શ્રીમાન્ શેઠશ્રી તરફથી પૂર્ણ આશ્રય મળેલો છે તે ઉત્તમ કાર્ય બદલ આ સંસ્થા તરફથી તેમને ધન્યવાદ આપવામાં આવે છે તેમજ જ્ઞાતિબન્ધુ પણ આપણી महेसाणा यजुर्वेदीय પાઠશાળાને પોતાનાં શક્તિ પ્રમાણે બનતી મદદ કરશેજ એમ આશા છે.

व्यवस्थापक.

यजुर्वेदीय पाठशाळा.

मेहेसाणा.

જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું.
સાંકડીશેરીરોડ—**અમદાવાદ.**

શ્રી મહેસાણા યજુર્વેદીય પાઠશાળા તરફથી

બ્રહ્મ બન્ધુઓને

બે શબ્દ.

હાલમાં દરેક ગ્નાતી પોતાની ઉન્નતિ કરવા માટે રાત્ર દિવસ પ્રયત્ન કરે છે તે પ્રમાણે આપણે પણ આપણી ઉન્નતિ માટે બનતા પ્રયત્નો કરવા જોઇએ કારણ કે **વર્ણાનાં બ્રાહ્મણો ગુરુઃ** તમામ વર્ણોના ગુરૂ બ્રાહ્મણ છે તો આપણે બધી ગ્નાતી કરતાં આપણી ઉન્નતિના સંબંધમાં બધી ગ્નાતી કરતાં ઘણોજ આગળ પડતો ભાગ લેવો જોઇએ. હવે આપણી ઉન્નતીનું મુખ્ય સાધન વેદ-શાસ્ત્ર-પુરાણનો અભ્યાસ કરવો અને તેનો ત્રૈવર્ણીક પ્રજાને ઉપદેશ કરવો એ બ્રાહ્મણનો મુખ્ય ધર્મ છે તેમાં પુસ્તકાલયો અને પાઠશાળાઓએ સાધનરૂપ છે તો દરેક બ્રહ્મ બન્ધુએ અને બાળકે આ પાઠશાળાનો નિરંતર લાભ લેવોજ જોઇએ અને આ આપણી **યજુર્વેદીય પાઠશાળા** ને તન મન ધનથી બનતી મદદ કરી ધર્મની, ગ્નાતીની, અને કર્તવ્યની ઉન્નતી કરવામાં આગળ પડતો ભાગ લેવો એ દરેક બ્રહ્મ બંધુનુ પ્રથમ કર્તવ્ય છે.

હીરાલાલ દુર્ગાશંકર પંડ્યા.

મહેસાણા.